સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સત્તા મળે, ભરાય એટલી સંપત્તિ, ભરી નાખો!
ઉદરે આફરો ચઢી આવે એટલું ચરી નાખો!
ભરી નાખો ડૂચા પોલીસ-કાયદા-કોર્ટ, ડાચાં માં -
'ન્યાયાલય'નું નામ, 'ક્લીનચીટ કેન્દ્ર' કરી નાખો!
(અમ્માં, નિર્દોષ-પવિત્ર)

આભાર માનો!
દાઉદને 'નવાઝ' -
સાચવે તો છે!!
(આપણે મોંઘો પડે!)

'જામીન ભક્તિ'
નિર્દોષ ને નિશ્ચિંત
'છટકબારી'
(પાછલે દરવાજે થી...)

ચિંતન

કિમપ્યસ્તિ સ્વભાવેન સુંદર ના અપ્ય સુંદરમ્ । યદ્દેવ રોચતે યસ્મૈ ભવેત્તત્સ્ય સુંદરમ્ ॥

'દુનિયામાં, કોઇ પણ વસ્તુ સ્વયં-જાતે-પોતે જ કંઇ સુંદર કે કોઇ વસ્તુ ખરાબ એવું હોતું જ નથી. (અર્થાત ઇશ્વર - બ્રહ્માએ સર્જેલી તમામ વસ્તુ બધી યોગ્ય જ છે દરેકને પોતાના સ્વભાવ-રૂચિ અને જરૂરિયાતના સંદર્ભમાં એ વસ્તુ ગમે કે ન ગમે, સારી કે ખરાબ લાગતી હોય છે.'

બ્રહ્માએ પૃથ્વી પર એક નાના અણુ ઘાસના તણખલાંથી કરી હિમાલયની કરાડ કંદરાઓ કીડી જેવાં જીવજંતુથી વિશાળકાય જનાવરો પશુપંખી માનવજાતનું સર્જન કર્યું છે. વનસ્પતિઓ એક એક પાંદડું દવા છે કોઇ વસ્તુ નકામી નથી બધું જ કામનું, અગત્યનું છે કોઇ વસ્તુ સારી-ખરાબ નથી કોઇ ઝેરી છોડવા કોઇને માટે સંજીવની દવા હોય..

દરેક વસ્તુ સારી અને ઉમદા જ છે તમે એને કેવા-કયા સંદર્ભમાં જુઓ છો તે જ મહત્ત્વનું છે. કોઇને સ્વરુપવતી સ્ત્રી સારી લાગે કોઇને શ્યામરંગી... મન અને દૃષ્ટિના સંદર્ભે ગમ-ગણગમા હોય છે કોઇને ભીંડાનું શાક જોઇ મોંમાં પાણી છૂટે. કોઇને વોમીટ થાય! ઇશ્વરે બધી વસ્તુ સારી જ બનાવી છે. તમારા દૃષ્ટિકોણ-વિચારશક્તિ-સારી-ખરાબ હોય છે.

સુવિચાર

- માણસને સ્વતંત્ર છોડી દો.. પોતાના અનુભવના આધારે તેને સ્વયં વિકાસ કરવા દો.. અતિ શિસ્ત પણ તેના આત્માના વિકાસમાં નડતર સમાન છે - ઉમાશંકર જોષી
- જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી - સુંદરમ્
- આપણા દેશ માટે તો ઇસ્લામ એ શરીર છે.. અને વેદાંત એ મગજ છે, આ બેવનો સંગમ એ એક જ ભારતની આશા છે - સ્વામિ વિવેકાનંદ
- જ્ઞાન અને પ્રકાશ માટે પ્રાર્થના કરો... બીજી બધી જ પ્રાર્થનાઓ સ્વાર્થની છે.. - ઝેન કથન
- ધર્મ રીતરિવાજમાં નહીં, પણ અંતઃકરણ પૂર્વક પ્રેમ કરવો.. વૈશ્વિક એકાત્મતા સાધવી એ જ સાચો ધર્મ - લાઓત્સે
- દરેક વ્યક્તિને પોતાનો માર્ગ પસંદ કરવાનો છે.. પોતાના ઇશ્વરને પોતાની રીતે શોધવાનો હક્ક છે - ડો. ચંદ્રકાન્ત મહેતા
- જો એક ધર્મ સાચો હોય તો બીજા બધા પણ સાચા હોવા જોઇએ - ધર્મસૂત્ર

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

બાળકનું વર્તન-સ્વભાવ-રીતભાત-ટેવો ઘણીવાર વિચિત્ર કે તેની આસપાસના લોકોને ખરાબ લાગે એવાં હોય છે જો કે દરેકને અપેક્ષા અને આચરણના માપદંડ પોતાની બુદ્ધિની માપપટ્ટી પર આધારિત હોય છે.

એક યુવાન ને ઘરમાં માતા-પિતા, શિક્ષકો, નજીકના મિત્રો - બધા જ સ્વભાવ બદલવા વારંવાર કહેતા સમજાવતા. પણ યુવાનને પોતામાં એવું કોઇ વિચિત્રપણું કે બદલવા જેવું કંઇ જણાતું ન હતું. આથી ઉલ્ટું તે વધારે ચિડિયો અને ચિંતાતુર થઇ તણાવમાં રહેવા લાગ્યો.

... એના એક જુના મિત્રને આ વાતની ખબર પડી. પરિસ્થિતિ પામી ગયો. એને મળ્યો થોડી સુખદુઃખની વાતો કરી ત્યાં મિત્ર એ જાતે જ પોતાના ખરાબ સ્વભાવ વિશે અને તે બદલવાની ચિંતા વિશે વાત કરી.

આવેલા જુના મિત્રએ કહ્યું, અરે દોસ્ત! તારો સ્વભાવ તો પહેલાં જેવો જ નિખાલસ અને સ્પષ્ટ વક્તા છે. દુનિયામાં આજે બધાને આવી નિખાલસતા પણ પસંદ નથી હોતી. તેથી જ તને બદલવા કહે છે. તારે બદલવાની જરા પણ જરુર નથી તું જેવો છે એવો જ મને વધારે ગમે છે...

મિત્ર રિલેક્સ થઇ ગયો. એની જીવન વીણાના તાર ઝણઝણી ઉઠ્યા - એકાએક પરિવર્તન આવ્યું..

બાળક જેવું છે એવું જ તેને પ્રેમથી સ્વીકારો.

Email - sureshchandrabhatt18@gmail.com

ચેટિંગની ચિંતા...!! કયા કરે કયા ના કરે યે કૈસી મુશ્કિલ હાયેં...!!

એકેક કસોટીમાં છે પાર ઉતરવાનું, હર શ્વાસ કસોટી છે, એનેય કસી જઇએ આ ફીણ તરંગોના છે શોખ સમંદરની, રેતાળ કિનારા પર હેતાળ હસી જઇએ

વેકેશન આવે એટલે વિક્રમ વેતાળની વાર્તા યાદ આવે... ચાલો આજે વેતાળના મોંઢે એક મોર્ડન વાર્તા સાંભળીએ... વિક્રમ રાજાએ વેતાળને લઇ જવાની જીદ છોડી નહીં અને એને ખભે ઊપાડી ચાલવા લાગ્યો. વેતાલ બોલ્યો, 'રાજા ચાલો આજે એક નવી વાર્તા સંભળાવું છું, આજની સમસ્યા પર આધારિત છે એટલે ધ્યાન દઇને સાંભળજો.'

●●●

મોબાઇલના મેસેજનો ટોન વાગ્યો. પ્રોજેક્ટ માટે નેટ પર સર્ફિંગ કરનારી મિતાલીએ મેસેજ વાંચી હસતાં હસતાં ઉપર જોયું તો લતા, એની મમ્મીનો ગંભીર ચહેરો દેખાયો.

'મને મેસેજ આવ્યા પછી તું આટલું ટેન્શન કેમ કરે છે મમ્મી? સાત્વિકે એક મસ્ત જોક્સ મોકલ્યો છે, ઉભી રહે હું તને વાંચી બતાવું.' મિતાલીએ જોક્સ વાંચ્યો અને બાજુમાંજ બેઠેલી ફાલ્ગુની - લતાની નાનપણની બહેનપણી ખડખડાટ હસી પડી. લતા માત્ર કપાળે કરચલી લાવતાં બબડી, 'કેવા ફાલતું જોક્સ આખો દિવસ મોકલ્યા કરે છે, કયારેક સાત્વિક, કયારેક નિંકુજ.'

'હા, પિન્કી - ધ્વનિ પણ મોકલે છે.' મિતાલી ખુશીથી બોલી.

'આજ તો મિતાલી મને ગમતું નથી. સતત મોબાઇલ હાથમાં, મેસેજ, ગીતો, ફોટા અને કાંઇ નહીં તો ચેટિંગ, ગપાટા અને એય ફાલતુના ચાલુ જ હોય છે. કોઇનું લવ અફેર્સ, કોઇનું બ્રેકઅપ, કોણ કોને શું બોલ્યું, કેવા કપડાં પહેર્યાં અને કેટલાં વાળ કપાવ્યાં...'

'થઇ ગયું મમ્મી તારું શરું, પેલા જોક પર ફાલ્ગુની માસી કેટલું હસ્યાં અને તને માત્ર હજાર ચિંતાઓ...'

'તો શું કરું મારી દીકરી? પેપરમાં રોજ વાંચતી નથી, શું નું શું છપાઇને આવે છે. તમે જયારે જુઓ ત્યારે ઓનલાઇન જ હોય છો. કેવી કેવી સાઇટ્સ હોય છે. ચિંતા તો થાય જ ને મમ્મીને? પણ તમને કયાં ફેર પડે છે? મેસેજ ચેટિંગ ચાલુ જ. બોયફ્રેન્ડ અને ગર્લફ્રેન્ડમાં કોઇ ફેર જ નહીં? કેવા પેલા પીજે પર તમે ખડખડાટ હસો છો અને પેલી ફાલ્ગુની પણ તમારામાં સામેલ...'

'જવા દે મમ્મી, કેટલી વાર કહ્યું પણ તને મારી વાત નહીં જ સમજાય. તને મારું ચેટિંગ દેખાય છે. પણ પ્રોજેક્ટ માટે કેટલો ડેટા ભેગો કર્યો એ નહીં દેખાય. હવે હું તને કાંઇ કહીશ જ નહીં. જોક્સ પણ નહીં અને અમારાં ગ્રુપની કોઇ મજેદાર વાતો પણ નહીં.' ગુસ્સો કરતી મિલાલી એના કલાસ એટેન્ડ કરવા નીકળી ગઇ.

લતા બેચેનથી ઘર ગોઠવવામાં પડી ગઇ. કશી જ ચિંતા નથી, કેવા છે આજનાં આ બાળકો - એ બબડતી જતી હતી. એની આ બડબડ સાંભળી ફાલ્ગુની બોલી, 'તને યાદ છે લતા, સ્કૂલમાં હતા ત્યારે આપણે છોકરીઓ એકાદા કાર્યક્રમમાં જતા, નાટકની પ્રેક્ટીસમાં જતાં, કયારેક એકબીજાના ઘરે રોકાતા, આમાનું કાંઇ પણ બને એટલે તારી મમ્મી કેટલાંય પ્રશ્નો કરતી. તું સાચું બોલે છે એની ખાત્રી પણ કરતી. તને તારી મમ્મીનો કેટલો ગુસ્સો આવતો?'

'.....'

'આપણાં કલાસના કેતન હતો એણે તારી પાસે નોટ્સ માગેલી અને તે એને આપ્યાની વાત ખુલ્લા મને મમ્મીને કરેલી, પણ એના લીધે તારા મમ્મીની ચિંતા અને ચોકીપહેરો ઉલટાનો વધી ગયેલો. તું કહેતી, 'મારી મમ્મીએ કૉલેજનું ખુલ્લું વાતાવરણ જોયું નથી, એટલે એના મનમાં મારા માટે કાયમ શંકા જ જન્મે છે. એને મારા પર વિશ્વાસ જ નથી.' ધીમે ધીમે તમારી વચ્ચે વાતચીત બંધ થતી ચાલી હતી.

'આ બધું તને કેમ યાદ આવ્યું?'

'હું આવી ત્યારની તમારા મા-દીકરીના ડાયલોગ સાંભળુ છું અને મને તારા મમ્મીની યાદ આવે છે. મમ્મીની સતત અવિશ્વાસને કારણે તને કેટલી ગુંગણામણ થતી હતી અને તારું લગ્ન થઇ ગયું ત્યારે તે મારી સમક્ષ તારી ભાવના વ્યક્ત કરી હતી.' પિયર છોડતાં ખુબ દુઃખ થાય છે, પણ આ કેદમાંથી છૂટ્યાની લાગણી પણથાય છે.

હવે તું આ મિતાલી જોડે પણ તારી મમ્મી જેવું જ વર્તન કરે છે. તું જયારે ઘરની બહાર જતી એટલે તને મમ્મીની બીક લાગવા લાગતી. હવે મિતાલીની એસ.એમ.એસ. ચેટિંગે તારી ઊંઘ ઉડાળી છે. તારી મમ્મીએ જેમ કૉલેજ જોઇ નોહતી એમ તારા માટે આ કોમ્પ્યુટર અને મોબાઇલની દુનિયા નવી છે. કેતનને તે સહજપણે તારી નોટ્સ આપી જ હતી ને? એ જ સહજતાથી એ સાત્વિક કે નિકુંજ સાથે ચેટિંગ કરતી હોઇ શકે છે. તું તારી જાતને મિતાલી સમજીને જો, તને જ ખબર પડશે કે મિતાલીને તારી ચિંતા કરતાં શંકાપણું એના મન સુધી વધુ પહોંચે છે. જો આવું જ ચાલું રહેશે તો તમારા વચ્ચે પણ અબોલા આવી જશે. માય ડિયર લતા.'

ફાલ્ગુની એના ઘરે જતી રહી પણ લતા બે-ત્રણ દિવસ એના વિચારોમાં જ ખોવાયેલી હતી. મિતાલીનું વર્તન એને ખટક્યું તોય એ શાંત જ રહી. મિતાલી પ્રોજેક્ટ માટે સર્ફિંગ કરતી હતી. લતા એના પાસે જઇને બેઠી. હવે કાયમ જેવી જ ચર્ચા ચાલુ થશે એવા વિચારથી મિતાલી એલર્ટ થઇ, યુદ્ધની તૈયારીમાં, પણ લતાએ એના ખભા પર હળવેકથી હાથ મૂક્યો. એને એ સ્પર્શમાં માયા-લાગણીનો અનુભવ થયો. ઝઘડાની જગ્યાએ કંઇક અલગ જ બનતું જોઇ મિતાલીના ચહેરા પર આવેલું આશ્ચર્ય રાજા વિક્રમને પણ સ્પષ્ટ દેખાયું.

લતા મિતાલી સામે જોઇ પ્રેમાળ હતી, 'તારા માટે કોઇ અવિશ્વાસ નથી બેટા, પણ મારા મનમાં ડર ઘુસેલો હતો. ફાલ્ગુનીએ આપણી વાતચીતને સાંભળી મારું ધ્યાન દોર્યું અને વિચાર કરતી કરી દીધી ત્યારે લાગ્યું કે મેં તને ખરેખર દુઃખ આપ્યું હશે.'

મિતાલીએ ટેન્શનવાળો ચહેરો નોર્મલ થયો. 'એટલે મમ્મી, હવે તને મારી ચિંતા થતી નથી?'

'ના, બેટા, ચિંતા તો કેવી રીતે ખતમ થાય? પણ હવે એવું લાગે છે કે તારા પર વૉચ રાખવી કે તારા વિશ્વાસ પર શંકા કરવી, એ મારી ચિંતાનો ઉપાય નથી. તમારી પેઢીના શોખનો વિરોધ કરીને ઉલટાની હું તમારાથી દૂર જ થવાની છું. અને હું કેટલાં દિવસ તમારું ધ્યાન રાખી શકીશ? એના કરતાં પરિસ્થિતિ પ્રમાણે સારું-ખરાબ તને ખબર પડે છે ને? એ જોવાની જવાબદારી મારી છે.'

મિતાલી મમ્મીને જોરથી બાઝી પડી. 'હું પણ તારી સાથે તકરાર કરું છું. કારણ મને લાગે છે કે હું તને ગમતી જ નથી. હું મારા ફ્રેન્ડ્સ સર્કલમાં વધુ તણાઇ જાઉં છું. લાગે છે મારું કહેલું આને કયારેય સમજાશે નહીં. ખુબ જ દુઃખ થાય છે મમ્મી, પમ હવે હું તારાં પર ચિડિયાપણું નહીં કરું, સામું પણ નહીં બોલું, 'મિતાલી મમ્મીના ખોળામાં માથું નાંખીને રડવા લાગી. લતા પણ મિતાલીના માથા પર હાથ ફેરવતી હતી એની પણ આંખમાં હવે દૃશ્યો ઝાંખા દેખાતા હતા...'

'રાજા, આ ઝઘડતી રહેતી મમ્મી-દીકરીના સ્વભાવમાં અચાનક આટલું પરિવર્તન કયાંથી આવ્યું? આ સમાધાન કેવી રીતે થયું? આ ચેન્જ તાત્પુરતો સમજવો કે કાયમનો? મારા પ્રશ્નોના જવાબ આપો નહીં તો તમારાં માથાના ટૂકડે...'

'વેતાળ, આ ચેન્જની જાદુઇ શરુઆત થઇ એ મમ્મી લતામાં જાગૃત થયેલ સહસંવેદનાથી. એની દીકરીને ભૂલથી બચાવવી, દુનિયાથી બચાવવી ના ડરના કારણે એ ચિંતામાં જીવતી હતી. ફાલ્ગુનીએ એનાં યુવાવસ્થાની યાદ કરાવતાં એનામાં રહેલી સંવેદના જાગૃત થઇ અને ડરની જગ્યા સમજદારીએ લીધી. મમ્મીએ ચિંતાના આવરણ નીચે અવિશ્વાસ કર્યો એટલે મિતાલીના ઇગોને ઠેસ પહોંચતી હતી. અને બંને વચ્ચે શાબ્દીક યુદ્ધ થઇ જતું.'

'મમ્મીની લાગણીથી મિતાલી પ્રત્યેની એની કાયમની પ્રતિક્રિયા બદલાતાં ગુસ્સો અને ડરની જગ્યા લાગણી અને વિશ્વાસે લીધી. મમ્મીના વિશ્વાસથી મિતાલી ઇગો સંતોષાયો, ટેન્શન પતી ગયું અને એ ફ્રી થઇ ગઇ... વિશ્વાસ - લાગણી - માયા - પ્રેમ આ બધામાં તો વિલક્ષણ જાદુ છે.' રાજા વિક્રમે એના વિચાર વ્યક્ત કર્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

વૃક્ષો જ પંખીઓના સાચા ઘર હોય છે, તેની ડાળો પર એ માળો બનાવે છે, અને રાત-દિવસ તેના પર વિશ્રામ કરે છે

નવાં કલેવર

- નટવર હેડાઉ

શિક્ષકે વર્ગમાં પ્રવેશ કરતાં જ કહ્યું, 'બાળકો આજ સાતમો પાઠ ખોલો. જેનું શિર્ષક છે 'પંખી આપણાં સાથી સંગાથી' બધા બાળકોએ તરત પોતાના પુસ્તકો કાઢ્યા અને પાઠ ખોલ્યો.'

'હાં, બાળકો બધાંએ પાઠ ખોલ્યો?'

'જી.. સર' બધા એક સાથે બોલ્યા.

શિક્ષકે કહ્યું, 'બાળકો, આ પાઠ એવાં પક્ષીઓ અંગે છે, જે આપણી આસપાસ રહે છે.' જેમ કે કબુતર, ચકલી, કાગડો, પોપટ...

'હાં જી જેમ કે મોર... કવિશા વચ્ચે બોલી.' 'હાં... કવિશા એ બિલકુલ સાચું કહ્યું, શિક્ષકે પોતાની વાત આગળ વધારતા સંમતી આપી. ત્યારે એક વિદ્યાર્થી જેનું નામ કુંજ હતું તેણે હાથ ઊંચો કર્યો.' 'કુંજ તારે કંઇ પુછવું છે?' શિક્ષકે પુછ્યું.

'જી હા... સર.. મારે પુછવું છે કે આ પક્ષીઓ...'

શિક્ષકે કહ્યું કુંજ તું જે પુછવા માંગે છે એ મને ખબર છે. પહેલાં તમે બધા મારી વાત સાંભળો, પછી પ્રશ્ન પુછજો. કદાચ તમને તમારા પ્રશ્નોના જવાબ મારી વાતમાંથી મળી જશે.

'સારું સર...' કુંજે હંસીને કહ્યું.

'જુઓ બાળકો... આપણા આ પંખીઓ કુદરતની અદ્‌ભૂત સુંદર રચનાઓ છે. માણસ પણ તેની પછી આવે. એ બધાં આપણાં જીવનના સાચાં સંગાથીની જેમ રહે છે. જેમ વૃક્ષો આપણાં સાથીદાર છે. જેના વિના આપણે સુખી રહી ન શકીએ એમ જ પંખીઓ પણ સાચા મિત્રો છે. પણ આજકાલ...'

'પણ શું સર....' કવિશાએ પુછ્યું. 'બાળકો તમે જોતાં હશો કે ગામડાંમાં અને શહેરોમાં પંખીઓની સંખ્યા દિવસોદિવસ ઘટતી જાય છે. પહેલાં આપણાં ઘરના ઉપરના ભાગે બેસીને કાગડા કા... કા.. કરતા, આપણાં વડીલો તેને મહેમાનના આગમનનો સંદેશ આપનાર સંદેશાવાદક રુપે જોતા. એ જ રીતે કબૂતરોનું ઘુ ઘુ ઘુ...માળીયામાં સંભળાતું. ઘરના આંગણામાં ઉગેલા ઝાડ પર લીલા લીલા વાંકી લાલ ચાંચવાળા પોપટ શોરબકોર કરતા અને ચકલીઓના ચી... ચી...ના કલશોરની તો વાત જ શું કરવી. આંગણામાં તેના બચ્ચા સાથે ચણ ચણવા આવતી. સવાર સવારમાં આ કલરવ કેવો મનગમતો લાગતો.'

'સર, આ પંખીઓની સંખ્યા કેમ ઘટી રહી છે.' કુંજે પુછ્યું.

'કુંજ, તે ખરેખર સારો પ્રશ્ન કર્યો. આ બધું આપણા કારણે જ થિ રહ્યું છે. સૌથી પહેલાં તો માણસોએ પક્ષીઓનો શિકાર કરીને તેની વસ્તી ઘટાડી દીધી. બીજું જે પક્ષીઓ ગમ્યાં તેને પાંજરામાં પુરીને ઘરમાં રાખ્યા, અને સૌથી વધુ નુકશાન તો ઝાડો કાપી નાંખવાથી થયું છે.'

'સર, ઝાડ કાપવા સાથે તેમને શું નિસ્બત?' કવિશાએ પુછ્યું.

બેટા, વૃક્ષો જ પંખીઓના સાચા ઘર હોય છે. તેની ડાળો પર એ માળો બનાવે છે. અને રાત-દિવસ તેના પર વિશ્રામ કરે છે. આપણે લાકડાની લાલચમાં ઘર નજીકનાં ઝાડ કાફી નાખ્યાં. વન ઉપવન અને બગીચાઓને ઉજ્જડ કરીને મોટાં મોટાં સિમેન્ટ કોકીંટના જંગલો ઊભા કરી દીધા. જયારે એમના રહેઠાણ જ ન રહ્યાં તો એ બિચારાં કઇ રીતે જીવીત રહી શકે.

શિક્ષકની વાત સાંભળીને બધા બાળકો એકબીજાની સામે જોવા લાગ્યા. સ્મિત નામના એક વિદ્યાર્થીએ ઉદાસ મને પુછ્યું.

'સર શું હવે કંઇ ન થઇ શકે?'

'કેમ નહીં બેટા... ઘણું થઇ શકે.. હજુ પણ કં બગડ્યું નથી. બસ થોડી જાગૃતતાની જરુર છે.' શિક્ષકે સ્મિત તરફ ઇશારો કરતાં કહ્યું.

'સર, તમે કહો અમે શું કરી શકીએ?' બધા વિદ્યાર્થીઓ એક સાથે બોલી પડ્યા, શિક્ષકના ચહેરા પર હળવી ખુશી ફરી વળી. તેમણે કહ્યું, સૌથી પહેલાં તો આપણે જે વૃક્ષો છે તેને કપાતાં અટકાવવાના છે અને નવા વૃક્ષો વધુને વધુ ઉગાડીને પક્ષીઓનાં ઘર તૈયાર કરવાં પડશે. આપણાં અને બીજા કોઇનાં પણ ઘરમાં પીંજરામાં રહેલાં પંખીઓને મુક્ત કરવા પડશે અને શિકારીઓ વિરુદ્ધ કડકમાં કડક પગલાં ભરવા પડશે. તેમ જ...

'સર, હું પણ એક બે ઉપાય બતાવું?' કુંજે પુછ્યું.

'હાં... હાં... કેમ નહીં,' શિક્ષકે કહ્યું.

'સર, આપણે પંખીઓ માટે ઘરની છત પર દાણાં નાખી શકીએ. તેમને પીવા માટે પાણી રાખી શકીએ. અને તેમના માળા વિખરાતા બચાવી શકી.' કુંજે ઊભા થઇને કહ્યું.

'બાળકો આ વાત બિલકુલ સાચી છે. પ્રકૃતિનું સંતુલન રહે એ જરુરી છે. પુરતા પ્રમાણમાં પંખીઓ હશે, વૃક્ષો હશે, જંગલ હશે તો વરસાદ સારો થશે. પર્યાવરણ ચોખ્ખું રહેશે અને આપણું સૌનું જીવન પણ સુખી થશે.' શિક્ષકે કહ્યું.

બધા વિદ્યાર્થીઓ એ તાળીઓ વગાડી શિક્ષકની વાતને વધાવી લીધી. અને આખા વર્ગના વિદ્યાર્થીઓએ નક્કી કર્યું કે આપણે પક્ષીઓને બચાવવા બધાં ભેગા મળી કુટુંબ અને સમાજમાં જાગૃતિ આવે તે માટે અભિયાન ચલાવીશું. બધાંને પંખીઓની ઉપયોગીતા અંગે સમજાવીશું. જે રીતે આપણે અત્યાર સુધી વૃક્ષો બચાવવા માટે કરતાં રહ્યાં છીએ.'

ત્યાં તો ટન.. ટન... ટન... બેલ વાગ્યો. બધા બાળકો નવી પ્રેરણા સાથે લઇ ઘર તરફ નીકળી પડયા...

પ્રેમની દિવ્ય અનુભૂતિ : પ્રેમ એટલે ઈશ્વરનો પ્રસાદ

સાચો પ્રેમ સોના જેવો હોય, એને તપાસી લેવાની જરૂર હોય છે, સોનાને કાટ લાગતો નથી, એમ સાચા પ્રેમને સ્વાર્થ કે ગરજમતલબ યા આકર્ષણનો કાટ લાગી શકે નહીં

ગુલમહોર

- દિનેશ દેસાઇ

જાણીતા અંગ્રેજી સાહિત્યકાર જેફ્રી આર્ચરે લખ્યું છે કે પ્રેમ એટલે ઈશ્વરનો પ્રસાદ. પ્રેમની દિવ્ય અનુભૂતિ ખુદ ઈશ્વરના ચમત્કારથી કંઈ કમ નથી.

પ્રેમ ખરેખર એક દિવ્ય અને ઈશ્વરીય અનુભૂતિ છે. પ્રેમ કોઈ રેડીમેડ ફિલિંગ્સનું નામ નથી. પ્રેમ એ કોઈ બજારમાં વેચાતી કોમોડિટી પણ નથી. અરે, પ્રેમલગ્ન કરનાર વ્યક્તિકપલ વચ્ચે પણ પ્રેમ છે કે પહેલા જેવો પ્રેમ વરાળ બનીને ડી ગયો છે, તે પણ તપાસવાની જરુર હોય છે.

દરેક યુગલ વચ્ચે, દરેક પતિપત્ની વચ્ચે પ્રેમ હોય જ એવું જરુરી હોતું નથી. તો, વળી દરેક સ્ત્રી અથવા દરેક પુરુષના જીવનમાં પ્રેમનો ઉદભવ થાય એ પણ જરુરી હોતું નથી. એનો અર્થ એ પણ ખરો કે કોઈ પણ પુરુષ કે કોઈ પણ સ્ત્રી મૃત્યુ પામે ત્યાં સુધી, છેવટ સુધી તેને પ્રેમનો અનુભવ યા અનુભૂતિ થઈ પણ હોય અથવા ન પણ થઈ હોય.

પ્રેમ કર્યા વિના આખી જિંદગી પસાર થઈ જાય અને મૃત્યુ આવી જાય એવું પણ બને. જીવનમાં કોઈ પણ વ્યક્તિને એક વાર પ્રેમ મળે એવું પણ નથી. જીવનમાં દરેક વ્યક્તિને પ્રેમ પ્રાપ્ત થાય એ પણ જરુરી નથી. જયારે એક વ્યક્તિને પ્રેમનો અહેસાસ થાય ત્યારે તેને જેના માટે પ્રેમનો અહેસાસ છે તે સામી વ્યક્તિને તો એ વાતની ખબર પણ ન હોય એવું પણ બને. આવા એકતરફી પ્રેમને પ્રેમ તો ન જ કહી શકાય, પ્રેમની અધુરપ અથવા અધુરો અથવા પચાસ ટકાનો પ્રેમ કદાય કહી શકાય. પરંતુ એક વ્યક્તિ બીજી વ્યક્તિને નિરંતર અને બિનશરતીય રીતે ચાહે તથા એવી જ રીતે બીજી વ્યક્તિ પણ પ્રથમ વ્યક્તિને એવો જ નિર્વ્યાજ પ્રેમ આપી શકે તેને પૂર્ણ પ્રેમ કહી શકાય. આવો પૂર્ણ પ્રેમ ભાગ્યે જ જોવા મળે.

મોટા ભાગે પ્રેમના નામે ગરજ, મતલબ, સ્વાર્થ અને આકર્ષણ માત્ર જ હોય છે. પછી એ પ્રેમી યુગલ હોય કે પતિપત્ની હોય, એમની વચ્ચે પ્રેમના નામે માત્ર ઈચ્છાપૂર્તિ અને સ્વાર્થ જ હોય એવું મોટા ભાગે બનવા જોગ છે. સાચો પ્રેમ સોના જેવો હોય. એને તપાસી લેવાની જરુર હોય છે. સોનાને કાટ લાગતો નથી, એમ સાચા પ્રેમને સ્વાર્થ કે ગરજમતલબ યા આકર્ષણનો કાટ લાગી શકે નહીં.

એક સરસ મજાનો કિસ્સો છે. પત્નીએ તેના પતિને પુછ્યું કે, હું મરી જઉં તો તમે શું કરશો? શું તમે બીજાં લગ્ન કરી લેશો?

પતિએ ખુબ જ પ્રેમપૂર્વક જવાબ આપ્યો કે, ના. કદાપિ નહીં. હું બીજી વાર લગ્ન કરવાનું તો વિચારી જ શકું નહીં. તેં એવું કેમ ધારી લીધું? પત્નીએ ફરીથી પુછ્યું કે, શા માટે નહીં? મારા ગયા પછી તમારે કોઈક સારી કંપની તો જોઈશે જ કે જે તમારી સાથે સારી અને ખરાબ પળોમાં તમારો સાથ આપે, તમારી પડખે રહે. પ્લીઝ, તમે મારા ગયા પછી બીજાં લગ્ન કરી જ લેજો.

પતિએ પ્રતિભાવ આપતા કહ્યું કે, ઓહ મારી ડાર્લિંગ, તું કેટલી સારી છે કે મારું કેટલું બધું ધ્યાન રાખે છે. અરે, તારા મૃત્યુ પછી પણ તું મારું શું થશે, એની દરકાર રાખે છે...

પત્નીએ સ્મિત સાથે પતિને કહ્યું કે, ચાલો, હવે મને એવું વચન આપો કે જો હું મરી જાઉં તો એ પછી તરત તમે બીજાં લગ્ન કરી જ લેશો.

પતિએ આખરે પત્નીની વાત માનવી જ પડી અને વચન આપવું જ પડ્યું કે, સારું સારું... તું આટલો બધો આગ્રહ કરે જ છે તો હું તને વચન આપું છું કે જો તું મારા પહેલાં મૃત્યુ પામીશ તો હું તરત બીજાં લગ્ન કરી લઈશ. ઓ.કે.

હવે પત્નીએ નવો મમરો મૂક્યો અને પુછ્યું કે, શું તમે મારા પછી આપણા નવા બંગલોમાં જ નવી પત્નીને લઈને રહેવા લાગશો ને?

પતિએ કહ્યું કે, હા, પરંતુ હું એ વાતનું ખાસ ધ્યાન રાખીશ કે નવી પત્ની તારા પોતાના રુમને કદાપિ વાપરે નહીં.

પત્નીએ પુછ્યું કે, શું તમે તેને મારી નવી કારમાં ફરવા પણ લઈ જશો?

પતિએ જવાબ આપ્યો કે, ના. હું એમ નહીં કરું. હું તારી કારને તારી યાદગીરી તરીકે સાચવીને રાખીશ અને નવી પત્ની માટે નવી કાર ખરીદીશ.

પત્નીએ વળી નવો સવાલ કર્યો કે, શું તમે તેને મારી બધી જવેલરી, દરદાગીના સોંપી દેશો?

પતિએ કહ્યું કે, ના, હું એવું કઈ રીતે કરી શકું? કારણ કે તારી દરેક જવેલરી સાથે તારી યાદો જોડાયેલી છે. મને એમ લાગે છે કે નવી પત્ની કદાચ નવી જ જવેલરી માગશે, જે મારે એને અપાવવી પણ પડશે.

પત્નીએ પુછ્યું કે, શું નવી પત્નીને મારાં બધાં જુતાં વાપરવા દેશો?

પતિએ જણાવ્યું કે, ના, કદાપિ નહીં. કારણ કે તેના પગનું માપ છ નંબરનું છે અને તારા પગનું માપ આઠ નંબરનું છે. આથી તારા કોઈ પણ જુતાં એને પગમાં મોટા પડશે. એટલે કે જુતાં પણ નવાં જ લેવા પડશે.

આ સાંભળીને તો પત્ની સાવ ચૂપ જ થઈ ગઈ. ઘડી બે ઘડી માટે તે ખિન્ન થઈને રહી ગઈ.

તો આ તરફ પતિ પણ બિચારો સાવ અચાનક સ્થિતપ્રજ્ઞ જેવો બની ગયો. તે મનોમન વિચારવા લાગ્યો કે આવેશમાં અને કદાચ ઉત્સાહમાં આવું તે શું બોલી ગયો?

કથાનો અંત એવો છે કે પત્ની વહેલી મરી જવાની ચિંતા અને ચર્ચા વચ્ચે પતિ બિચારો કમોતે મરી ગયો.

પ્રેમ એટલે શું? એકમેક પ્રત્યે કુણી લાગણી. એકમેક પ્રત્યે આદર, કાળજી, એકમેકની સારસંભાળ. એકમેકની ચિંતા અને એકમેકનું ભલું ઈચ્છવાની સતતઅવિરત ભાવના એટલે જ પ્રેમ.

સ્ટોપરઃ

પ્રેમ પ્રકૃતિનો અનોખો ચમત્કાર છે, પ્રકૃતિનું વૃક્ષ દરેકને આ ફળની ભેટ આપતી નથી.

- શ્રી માતાજી